### પશ્ચિમ ઝોનનો ચાર્જ સંભાળ્યા બાદ મુલાકાત લીધી

# પ્રાદેશિક કચેરીની પ્રવૃત્તિઓનું વીમા કમિશનરે નિરીક્ષણ કર્યું

ધાર્મિક રિપોર્ટર | વડોદરા



કર્મચારી રાજ્ય વીમા નિગમની વડોદરા પ્રાદેશિક કાર્યાલય ખાતે 17 એપ્રિલે પશ્ચિમ ઝોનના વીમા કમિશનર રામજીલાલ મીણાનું સ્વાગત કરાયું હતું. રામજીલાલ મીણા પશ્ચિમ ઝોનનો ચાર્જ સંભાળ્યા બાદ પ્રથમ વખત વડોદરાની મુલાકાતે આવ્યા હતા.

તેમણે પેટા પ્રાદેશિક કચેરીની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું હતું અને કચેરીને વધુ કેન્દ્રીત બનાવવા માર્ગદર્શન આપ્યું હતું. તેમણે લોકોને વધુ સુવિધા મળી રહે તે માટેના પ્રયાસોને વખાણી તેમણે તેના વધુ પ્રચાર માટે નિર્દેશ આપ્યા હતા. તેમને યુએએન સીડિંગ, લોક ફરિયાદોની સમીક્ષા કરીને સંતોષ વ્યક્ત કર્યો હતો. આ દરમિયાન ઉપ નિદેશક (પ્રભારી) સાહિલ અગ્રવાલ, નિદેશક મુકુલ વત્સ અને સહાયક નિદેશક શ્રીકુમાર કુંજન ઉપસ્થિત રહ્યા હતા.